Part - 4

અધ્યાય - ૪

આંગિક અભિનય

પ્રકરણ (૧) આંગિક અભિનયની પરિભાષા અને પ્રભેદો.

(૨) મુખજ અભિનય.

(૩) શારીર અભિનય.

(૪) ચેષ્ટાકૃત અભિનય.

(૫) 'સામાન્ય અભિનય' અંતર્ગત આંગિક અભિનય.

(૬) 'ચિત્રાભિનય' - આંગિક અભિનયનો વિશિષ્ટ પ્રકાર.

(૭) આંગિક અભિનય અને સંસ્કૃત નાટ્ય સાહિત્ય.

પ્રકરણ (૧)

આંગિક અભિનયની પરિભાષા અને પ્રભેદો

શરીરના અંગ, ઉપાંગ તથા પ્રત્યંગની વિવિધ કલાત્મક ભંગિમાઓ, ક્રિયાઓ તથા સંચાલન ધ્વારા અભિનેય નાટ્યાર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવો તેને આંગિક અભિનય કહે છે.

ભરતમુનિએ સંપૂર્ણ શરીરને છ અંગો - શિર, હસ્ત, વક્ષ:સ્થલ, પાર્શ્વ, કટિ તથા પાદ તથા છ ઉપાંગો - નેત્ર, ભ્રૂ, નાસા, અધર, કપોલ તથા ચિબુકમાં વિભાજિત કર્યું છે. (અધ્યાય ૮ /શ્લોક ૧૩). ગ્રીવા, બાહુ, ઉદર, પૃષ્ઠ, જંઘા તથા ઉરુનું વર્ણન ભરતમુનિએ અંગ અથવા ઉપાંગ અંતર્ગત ન કરતાં સ્વતંત્રરુપે કર્યું છે. પછીના આચાર્યોએ તેનો 'પ્રત્યંગ' અંતર્ગત સમાવેશ કર્યો છે. સંગીતરત્નાકર, નાટ્યશાસ્ત્રસંગ્રહ, નૃત્યાધ્યાય, અભિનયદર્પણ વિગેરે ગ્રંથોમાં ઘૂંટણ, ગુલ્ફ, પંજા વિગેરેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે જેનો નાટ્યશાસ્ત્રમાં ઉલ્લેખ નથી. ભરતમુનિએ 'પ્રત્યંગ' શબ્દ પ્રયોજ્યો છે પણ તેની અંતર્ગત કોઇ અંગો ગણાવ્યા નથી. ડો. કપિલા વાત્સ્યાયનના મત પ્રમાણે ભરતમુનિએ પ્રત્યંગ તથા ઉપાંગ શબ્દો પર્યાયરુપે પ્રયોજ્યા છે. (Classical Indian Dance In Literature and the Arts P. 23)

ભરતમુનિએ અંગો, ઉપાંગો તથા પ્રત્યંગોના વિનિયોગની દૃષ્ટિએ આંગિક અભિનયના ત્રણ ભેદ પાડયા છે. (૧) મુખજ (૨) શારીર તથા (૩) ચેષ્ટાકૃત. આમાં મુખજ ઉપાંગસંયુત, શારીર અંગસંયુત તથા ચેષ્ટાકૃત શાખાસંયુત છે.

> ત્રિવિધસ્ત્વાંગિકો જ્ઞેય: શારીરો મુખજસ્તથા ।
> તથા ચેષ્ટાકૃતશ્ચૈવ શાખાંગોપાંગસંયુત: ॥
>
> (અધ્યાય ૮/શ્લોક ૧૧)

ઘણાં આચાર્યો શારીર, મુખજ તથા ચેષ્ટાકૃત ત્રણેય પ્રકારના આંગિક અભિનયને શાખાંગોપાંગસંયુત માને છે. કેટલાક માત્ર ચેષ્ટાકૃત આંગિક અભિનયને શાખાંગોપાંગસંયુત માને છે પણ ભરતમુનિએ કરેલા વિવરણના આધારે મુખજમાં ઉપાંગોનો, શારીરમાં અંગોનો તથા ચેષ્ટાકૃતમાં અંગ ઉપાંગના સમન્વિત સ્વરુપશાખાનો સમાવેશ થાય છે એટલે મુખજ

અભિનય ઉપાંગસંયુત, શારીરાભિનય અંગસંયુત તથા ચેષ્ટાકૃત અભિનય'શાખાસંયુત' કહી શકાય.

'નૃત્યરત્નકોશ' અનુસાર અંગ પ્રત્યંગ અને ઉપાંગની સમન્વિત ચેષ્ટા શારીર, કેવળ ઉપાંગો દ્વારા અભિનય મુખજ તથા સંપૂર્ણ શરીરના સંચાલન દ્વારા મનોગત ભાવ તથા સ્થાન તેમજ આસનો, ગતિ તથા શયનની બાહ્ય ચેષ્ટાઓ દ્વારા પ્રદર્શિત અભિનયને ચેષ્ટાકૃત અભિનય કહે છે.

મુખજ અભિનય અંતર્ગત ભરતમુનિએ શિર તેમજ વિવિધ નેત્રાંગો-તારા (કીકી) પુટ (પોપચાં) ભ્રુકુટી (ભ્રમર), દૃષ્ટિ તથા દર્શન સંબંધી વિવિધ વ્યાયામો તથા ભાવ અને રસાશ્રિત વિનિયોગો, મુખના અન્ય ઉપાંગો-નાસા, કપોલ, ઓષ્ઠ, ચિબુક, મુખ, દન્ત ના વિવિધ વ્યાયામો તથા ભાવરસાશ્રિત વિનિયોગ તેમજ વિવિધ મુખરાગ અને તેમના વિનિયોગનો સમાવેશ કર્યો છે. આ ઉપરાંત તેમણે ગ્રીવાના વ્યાયામ તથા વિનિયોગ પણ દર્શાવ્યા છે.

(અધ્યાય ૮ - ઉપાંગાભિનય)

શારીર અભિનય અંતર્ગત ભરતમુનિએ શરીરના વિવિધ અંગો હસ્ત, ઉર, પાર્શ્વ, જઠર, કટી, જંઘા, ઉરુ, પાદના વ્યાયામ તથા ભાવરસાશ્રિત વિનિયોગ નિરુપ્યા છે. નવમાં હસ્તાભિનય અધ્યાય અંતર્ગત, હસ્તના વિવિધ વ્યાયામો તથા વિનિયોગ દર્શાવી ૧૦ માં 'શારીરાભિનય' અધ્યાય અંતર્ગત હસ્ત સિવાયના અન્ય અંગોના વ્યાયામ તથા વિનિયોગ નિરુપ્યા છે.

ચેષ્ટાકૃત અભિનયમાં સમગ્ર શરીરના સંચાલનને આવરી લેવામાં આવે છે. શારીરાભિનયમાં સંપૂર્ણ શરીરનું એક સાથે સંચાલન અનિવાર્ય હોતું નથી, તે કોઇ એક મુખ્ય અંગ દ્વારા પણ થઇ શકે છે પણ ચેષ્ટાકૃત અભિનયમાં સમગ્ર શરીરનું સંચાલન તથા ગતિ બંને અપેક્ષિત હોય છે. ચેષ્ટાકૃત અભિનય દ્વારાજ લુલા-લંગડા, ઠીંગણા પાત્રોનો વિશિષ્ટ અભિનય કરવામાં આવે છે.

ચેષ્ટાકૃત અભિનયના બે પ્રકાર છે (૧) ગતિપ્રચાર તથા (૨) નૃત્ત.-અધ્યાય ૧૩ અંતર્ગત નિરુપિત ગતિપ્રચારમાં પાત્રની ગતિ, સ્થાન, આસન, શયન વિગેરેનો સમાવેશ થાય છે જે નાટ્યની દૃષ્ટિએ અતિ ઉપયોગી છે. નૃત્ત સંપૂર્ણ શરીરનું ગત્યાત્મક સંચાલન છે

તથા નૃત્તકલાથી સંબંધિત છે. તેમાં અધ્યાય-૪, 'તાંડવલક્ષણાધ્યાય' અંતર્ગત નિરુપિત કરણ, અંગહાર, રેચક, પિંડીબંધ, ભેદક વિગેરે, અધ્યાય ૧૧ 'ચારીવિધાનાધ્યાય' 'અંતર્ગત નિરુપિત વિવિધ ચારીઓ, સ્થાનો, ન્યાય, વ્યાયામ, વિગેરે, અધ્યાય ૧૨ 'મંડલવિકલ્પ અધ્યાય' અંતર્ગત નિરુપિત વિવિધ મંડલ વિગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત 'સામાન્ય અભિનય' અધ્યાય અંતર્ગત નિરુપિત ૬ પ્રકારના શારીરાભિનયનો સમાવેશ આંગિક અભિનય અંતર્ગત કરી શકાય. એજ અધ્યાયમાં નિરુપિત 'ઇન્દ્રિયાભિનય' પણ આંગિક અભિનયનોજ એક ભાગ બને છે. આ ઉપરાંત 'ચિત્રાભિનય' એ પણ આંગિક અભિનયનો એક વિશિષ્ટ પ્રકાર છે. આંગિક અભિનયના ત્રિવિધ ભેદ ઉપરાંત સામાન્ય અભિનય અને ચિત્રાભિનયમાં નિરુપિત આંગિક અભિનય સંબંધી ચર્ચા પ્રસ્તુત શોધપ્રબન્ધમાં પૃથક અને સ્વતંત્ર પ્રકરણોમાં કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રશિષ્ટ સંસ્કૃત નાટ્યસાહિત્યમાં આંગિક અભિનયના વિનિયોગ સંબંધી ચર્ચા પણ અંતિમ પ્રકરણ 'આંગિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય' અંતર્ગત કરવામાં આવી છે.

ભરતમુનિએ આંગિક અભિનયના પ્રસ્તુતીકરણના ત્રણ માધ્યમ ગણાવ્યા છે (૧) શાખા (૨) અંકુર તથા (૩) નૃત્ત.

અસ્ય શાખાચ નૃત્તમ્-ચ તથૈવાંકુર એવ ચ ।
વસ્તુન્યભિનયસ્યેહ વિજ્ઞેયાનિ પ્રયોકતૃભિ: ॥
(અધ્યાય ૮/શ્લોક ૧૪)

આંગિક અભિનયને શાખા કહે છે. શરીરના વિભિન્ન અંગ ઉપાંગ રુપી શાખાઓનો તેમાં સમાવેશ થાય છે. એક અન્ય લક્ષણ અનુસાર શિર, મુખ, જંઘા, ઉરુ, પાણિ, પાદ દ્વારા શાખાદર્શિત માર્ગ અનુસાર યથાક્રમ કરવામાં આવેલો આંગિક અભિનય શાખા છે. (અધ્યાય ૨૪/શ્લોક ૪૫) નાટ્યવિષયક સુચનાત્મક આંગિક અભિનય -અંકુર છે. અર્થાત્ તે કથિત અભિનયનું ઉપયુકત અર્થાનુરુપ પ્રસ્તુતીકરણ અથવા આંગિક સંચાલનોનો વ્યાવહારીક પ્રયોગ (Practical application) છે. અન્ય લક્ષણ અનુસાર હૃદયસ્થ ભાવોને

વિવિધ અંગસંચાલનો ધ્વારા વ્યકત કરવામાં આવે ત્યારે તેને અંકુર પ્રકારનો આંગિક અભિનય કહે છે. કરણો ઉપર આશ્રીત અંગહારો ધ્વારા નિષ્પન્ન થનારો અભિનય નૃત્ત છ.

આંગિકસ્તુ ભવેચ્છાખા હયંકુરસ્સુચના ભવેત્ ।
અંગહારવિનિષ્પન્નં નૃત્તન્તુ કરણાશ્રયમ્ ॥

(અધ્યાય ૮/શ્લોક ૧૫)

સંગીતરત્નાકર, નૃત્યરત્નાવલી, નાટ્યશાસ્ત્રસંગ્રહ વિગેરે ગ્રંથોમાં શાખા અને અંકુરનો અર્થ ભિન્ન હોવા ઉપરાંત અંકુરનુજ પરિવર્થિત રુપ સુચી પણ વર્ણિત છે. તદાનુસાર 'વિચિત્રા કરવર્તના' એટલે કે હાથનું ચમત્કારપૂર્ણ અથવા વિચિત્ર વૃત્તાકાર સંચાલન તે શાખા. મનુષ્ય - શરીરમાં બાહુ તથા હસ્તનું સ્થાન વૃક્ષમાં શાખા (ડાળી)ના સ્થાન જેવું છે. એટલેજ કદાચ કરવર્તનાને શાખા નામ આપવામાં આવ્યું હશે. 'અંકુરને' ભુતવાકયાર્થ' ના ઉપજીવી તરીકે વર્ણવવામાં આવ્યો છે. 'ભુત વાકયાર્થ' ના બે અર્થ થાય છે. એક તો એ કે જે વાકય કહેવામાં અથવા ગાવામાં આવી ચુકયું છે તેનો અભિનય અથવા ભુતકાળની ઘટના લઇને જે પણ વાકયાર્થ હોય તેનો અભિનય. બીજો અર્થ અત્યંત સીમિત છે કેમ કે તેમાં વર્તમાન ઘટના માટે કોઇ સ્થાન નથી. એટલે પહેલો અર્થજ વધારે યોગ્ય જણાય છે. અંકુરની સમકક્ષ બીજું નામ છે સુચી જેને ભાવિ વાકયાર્થનો ઉપજીવી કહેવામાં આવ્યો છે. અહીં પણ ભાવિ વાકયાર્થનો, 'જે વાકય કહેવા અથવા ગાવામાં આવનાર છે તેનો અભિનય' એવોજ અર્થ કરી શકાય. આમ પહેલાં કહેવાયેલા વાકયને આધાર બનાવી કરવામાં આવેલો અભિનય અથવા અભિવ્યકત ભાવની અભિનય ધ્વારા પૂર્તિ કરવી તે અંકુર પ્રકારનો આંગિક અભિનય તથા આગળ આવતાં વાકયોનો અભિનય કરી, ભાવિ અર્થને પ્રસ્તુત કરવાનો આધાર બનાવવો અથવા સુચના આપવી તે સુચી પ્રકારનો આંગિક અભિનય છે. અંકુર તથા સુચીમાં અભિનયહસ્તોનો તથા 'શાખા' માં નૃત્તહસ્તોનો વિનિયોગ થાય છે. અંકુર તથા સુચી પ્રકારનો આંગિક અભિનય કુચિપુડિમાં છુટથી વપરાય છે.

નૃત્તને કરણ તથા અંગહારોથી યુકત કહયું છે. અહીં નૃત્તને આંગિક અભિનયથી પૃથક માનવામાં આવ્યું નથી. આંગિક અભિનયના આ ત્રણ માધ્યમો નાટકના dance - drama સ્વરુપનો સંકેત કરે છે.

ભરતમુનિએ આંગિક અભિનયનું જે સ્વરુપ નિરુપ્યું છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે માનવ શરીરના પ્રત્યેક અંગના શકય એટલાં સંચાલનો તેમણે આવરી લીધાં છે. ભાવજગતને મૂર્ત કરવા માટે, સુક્ષ્મ અને સ્થૂળ બંને પ્રકારના આંતરિક ભાવોને બાહય રુપ આપવા માટે, આંગિક અભિનયની બધી શકયતાઓ તેમણે તપાસી છે. ભાવપ્રદર્શન એ આંગિક અભિનયનો મુખ્ય હેતુ છે. કયો ભાવ કઇ ચેષ્ટા વડે મૂર્ત કરી શકાય અથવા તો અમુક ભાવમાં શરીરની સ્થિતિ કેવી હોય તેનું પ્રાયોગિક જ્ઞાન નટ તથા નર્તક બંનેને ઉપયોગી નિવડે તે રીતે તેમણે આપ્યું છે. અંગ ઉપાંગોની વિવિધ મુદ્રાઓ ધ્યાનમાં રાખી તેના અનેક ભેદ, તેમની પરિભાષાઓ તથા વિનિયોગ નિરુપ્યા છે જે નાટ્ય તથા નૃત્ય બંને દૃષ્ટિએ ઉપયોગી છે. પ્રત્યેક અંગ અને ઉપાંગ તેમજ પ્રત્યંગ વિગેરે એક બીજા સાથે અભિનયની દૃષ્ટિએ પરસ્પર સંકળાયેલા હોય છે. સૌનું સંચાલન વિશિષ્ટ વિધિઓ અનુસાર વિશેષ ભાવદશાની અભિવ્યકિત માટે થાય છે. વસ્તુત: પ્રત્યેક અંગ-ઉપાંગના સંચાલનો વડે સુકુમાર અને ઉધ્ધત એવા ઘણાં ભાવો રુપાયિત થાય છે. આ બધા ભાવોની સંયત તથા અપેક્ષિત અભિવ્યંજના માટે ભરતમુનિએ એકે એક મુદ્રા, એકે એક ચેષ્ટા, અંગોનો મરોડ વિગેરેનું વિધિવત્ વર્ગીકરણ કર્યું છે. કામ, ક્રોધ, શોક, ઉત્સાહ વિગેરે વિભિન્ન મન: સ્થિતિઓમાં અંગ-ઉપાંગોની મનુષ્યમાત્રમાં સામાન્યપણે કેવી પ્રતિક્રિયાઓ હોય છે, શિરનું કંપન કેવું હોય છે, આંખોમાં કેવા ભાવો ઉપટી આવે છે, ગાલ પર કેવી રતાશ પથરાય છે, હોઠ કેવા ફરકવા માંડે છે, પગમાં કેવી ચંચળતા અથવા શ્રાન્તતા આવી જાય છે તેનો ચિતાર આપ્યો છે. આ તમામ શારીરિક પ્રતિક્રિયાઓ મનુષ્યની જટિલ મનોગ્રંથિઓનુંજ પ્રતિબિંબ છે - અને એટલેજ ભરતમુનિએ આ તમામ આંગિક ચેષ્ટાઓને ભાવ સાથે સાંકળી આપી છે. પાત્રની પ્રકૃતિ, અવસ્થા, વય તથા પાત્રના ભાવ - જગતને વિવિધ આંગિક સંચાલનોમાં, નિર્ણાયકતત્વરુપે તેમણે ગણાવ્યા છે. એટલે આ તમામ અંગસંચાલનોને Psycho-physical Actions કહી શકાય.

કેટલાક આચાર્યો એવી શંકા કરે છે કે આંગિક અભિનયના સંદર્ભમાં ભરતમુનિએ કયાંય સ્પષ્ટપણે એવો સંકેત કર્યો નથી કે તે નૃત્ત, નૃત્ય અને નાટ્યમાંથી

કઇ કળાને લાગુ પડે છે. નાટ્યમાં સ્વાભાવિક અને નૈસર્ગિક આંગિક સંચાલનો થતાં કે નૃત્ય સદૃશ ભાવભંગિમાયુક્ત અંગસંચાલનો થતાં કે પછી બંને પ્રકારના અંગસંચાલનો સમન્વિતરૂપે પ્રયોજાતા તે વિશેનો સ્પષ્ટ નિર્દેશ નાટ્યશાસ્ત્રમાં સાંપડતો નથી. કારણ કે ભરતમુનિએ શુધ્ધ સાહિત્યિક નાટક, સંગીત-નાટક તથા નૃત્ય-નાટક - આ તમામ પ્રકારો માટે નાટ્યની સમાન સંજ્ઞા પ્રયોજી છે.

શ્રી જી.કે.ભટ્ટના મતે ભરતમુનિના આંગિક અભિનયના નિરુપણથી નૃત્ય તથા નાટ્ય વચ્ચેનો ગાઢ સંબંધ ઇંગિત થાય છે. જ્યારે શ્રી પ્રમોદ કાલેના મતે નાટ્યશાસ્ત્રમાં વર્ણવવામાં આવેલા ઘણાં આંગિક સંચાલનો, મુદ્રાઓ, ગતિપ્રચારો, આજે આપણે જેને dance gestures and movements કહીએ છે તે પ્રકારના છે. સંસ્કૃત નાટ્યની આ પ્રકારના (dance movements and gestures દ્વારા થતી રજુઆત ભાગ્યેજ કલ્પી શકાય. (Theatric Universe Page - 142)
શ્રી કાલેનો મત સ્વીકાર્ય બને છે કારણ કે સંસ્કૃત નાટ્યપ્રયોગ dance - drama સ્વરુપનોજ હતો. તેમાં નાટ્ય, નૃત્ય તથા સંગીતનો સમાન યોગ હતો. ડો.વી.રાઘવન સંસ્કૃત નાટકને dance-drama તરીકેજ ઓળખાવે છે. ચીની જાપાની નાટ્યપરંપરા, ભારતીય પારંપારિક નાટ્યપરંપરાના સ્વરુપનો અભ્યાસ કરતાં તેની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

આંગિક અભિનયમાં નટનું શરીર મુખ્ય માધ્યમ બને છે. એટલે શરીરના વિવિધ અંગ ઉપાંગોના ભેદ, લક્ષણ અને વિનિયોગ સંબંધી જે ચર્ચા ભરતમુનિએ કરી છે તે આંગિક અભિનયમાં શરીરની ભાવાભિવ્યક્તિના માધ્યમ તરીકેની તમામ શક્યતાઓ ચકાસે છે. સાંપ્રત રંગભૂમિની દૃષ્ટિએ પણ તે યથાર્થ જણાય છે. શ્રી Jerry Blunt તેમના The Composite Art of Acting (New York: Macmillan Co., 1966, page 379, 389 પુસ્તકમાં જણાવે છે કે -

"The purpose of dividing the body into individual units is twofold: to discover, out of the total number of things the body can communicate by movement what kind of pantomimic action each can best project and, by capitalizing on the knowledge, to increase by practice the expressiveness of each part.... The human body is singularly suceptible to division.... the units are legs and feet, arms and hands head and face, and torso and shoulders...The most utilitarian of all divisions of the body, the arms and hands have many functions and serve many purposes."

ભરતમુનિ નિરુપિત હસ્તાભિનય તેનું જીવંત પ્રમાણ છે. ચારેય પ્રકારની અભિનયોમાં આંગિક અભિનયના નિરુપણ માટે ભરતમુનિએ સૌથી વધારે અધ્યાયો ફાળવ્યા છે. નાટક ક્રિયાપ્રધાન કળા છે. તેમાં મુર્તનાનું પ્રાધાન્ય રહે છે. અમૂર્ત એવા ભાવોને આંગિક ક્રિયાઓ દ્વારા કેવી રીતે મુર્ત કરવા, તેને દ્રશ્યરુપ કેવી રીતે આપવું તેનીજ મથામણ નટ કરતો હોય છે. પાશ્ચાત્ય અભિનયપ્રણાલિકામાં પણ bodily movements માટેનો આગ્રહ રાખવામાં આવે છે. જેમ કે Jerry Blunt કહે છે તેમ -

" But to think of words as our main or only means of communication forgetting the broad and subtle expressiveness of movements is gross error. Pantomime...is taproot from which all stage action grows and takes its strength."

(એજન પૃ.૪૮-૪૯)

ડૉ. શ્રી વી. રાઘવન તો સ્પષ્ટપણે જણાવે છે કે -

" That Bharata's system is quite within the realm of practicality and achievement and that every minute part of action could be perfected and every inch of the body trained, can be understood by anyone who has seen Indian dance or who has observed at close quarters the long and arduous training undergone by actors of Kutiyattam and Kathakali dance drama. "

(Sanskrit Drama in Performance P-35, 36)

આમ ભરતમુનિની આંગિક અભિનય સંબંધી વિચારણા પૂર્ણપણે પ્રાયોગિક (practical) અને ભાવાભિવ્યક્તિના સાધન તરીકે શરીરની તમામ શક્યતાઓનું સુક્ષ્મપણે આકલન કરનારી છે.

'નાટ્યશાસ્ત્ર' પછી લખાયેલા 'નૃત્યકળા' સંબંધી ગ્રંથોમાં આંગિક અભિનયની વિશદ છણાવટ થઇ છે જેમાં અભિનયદર્પણ, સંગીતરત્નાકર, નૃત્યાધ્યાય, નૃત્યરત્નકોશ, નાટ્યશાસ્ત્રસંગ્રહ, માનસોલ્લાસ વિગેરેનો સમાવેશ થાય છે.

નાટ્યશાસ્ત્રીય ગ્રંથોમાં 'નાટ્યદર્પણ' એકજ એવો ગ્રંથ છે જેમાં આંગિક અભિનયનું નિરુપણ થયેલું જોવા મળે છે. નાટ્યદર્પણકારે આંગિક અભિનયની વ્યાખ્યા આપતાં તેને 'અંગ ઉપાંગો દ્વારા કાર્યનો સાક્ષાત્કાર' કહયો છે. શિર, હસ્ત, વક્ષ, કટી, પાર્શ્વ, પાદ વિગેરે અંગો તથા નેત્ર-ભ્રુ, પક્ષ્મ, અધર, કપોલ, ચિબુક વિગેરે ઉપાંગો દ્વારા અનુકાર્યની ચેષ્ટાનું સાક્ષાત ભાવન અર્થાત્ પરોક્ષ અર્થને પણ સામાજિક માટે સાક્ષાત જેવો બનાવવો તેને આંગિક અભિનય કહયો છે. આંગિક અભિનય 'યથાભાવનુકિયા' રુપ પણ હોવો જોઇએ. એટલે કે રામાદિ અનુકાર્યના જે ક્રોધ,

ઉત્સાહ, આવેગ, વૈમનસ્ય, હર્ષ, વૈવર્ણ્ય, મુખરાગ અને ભ્રકુટિ વિગેરેથી યુકત ચેષ્ટાવિમિશ્રિત ભાવ છે તેનાથી સમન્વિત કાર્યોનું સાક્ષાત્કરણ થવું જરુરી છે. કેવળ ભાવાનુકરણ રહિત કર્મનું નહીં. ભરતમુનિના નાટયશાસ્ત્ર ઉપર આધારિત આંગિક અભિનયોનું સંક્ષિપ્ત વિવેચન પણ નાટ્યદર્પણમાં કરવામાં આવ્યું છે.

આમ ભરતમુનિના આંગિક અભિનય સંબંધી વિધાનોનું સાતત્ય નૃત્ય તથા નાટ્ય સંબંધી પરવર્તી ગ્રંથોમાં જોવા મળે છે.